



## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ભીમ જ્યોત યાત્રાનો પ્રારંભ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે ભીમ જ્યોત યાત્રા વઢવાણથી આરંભાઈ હતી. આ યાત્રા ત્રણ સ્થાનોએથી નીકળી રાજ્યના ચારે વિભાગોના ૨૬ જિલ્લાઓ તથા ૮ મહાનગરોમાં ભ્રમણ કરશે. યાત્રા બાબા સાહેબ આંબેડકરના જીવનસુત્રો અને સિદ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કરશે. યાત્રા ૧૬ દિવસ ૧૩ રાત્રી દરમ્યાન ૪ હજાર વધુ કિલોમીટરનું અંતર કાપશે. ભીમ જ્યોત યાત્રાના પ્રસ્થાન સમયે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિત અગ્રણીઓ દ્વારા ડૉ. બાબાસાહેબ ભીમ જ્યોત પ્રગટાવી ભીમ જ્યોત રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે અનુ. જાતિ આયોગના સભ્ય રાજુભાઈ પરમાર, પૂર્વ સંસદ સભ્ય સોમાભાઈ પટેલ, કુંવરજીભાઈ બાવળિયા તથા ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર તેમજ જિલ્લાના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓ દ્વારા ડૉ. બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

# વાતાવરણમાં પલટો આવતા બાફ વધ્યો

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં આવેલા પલટાને કારણે દિવસે ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે. જયારે રાત્રે ધૂળની ડમરીઓ સાથે જોરદાર પવન ફૂંકાતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. દરમિયાન સોમવારે સવારથી જ આકાશ વાદળોથી ઘેરાયેલું રહેતા વાતાવરણમાં બાફનું પ્રમાણ ૯૦ ટકાથી વધુ રહેવા પામ્યુ હતું. જેના કારણે ઉકળાટ વધી ગયો હતો.

સાબરકાંઠા જિલ્લામાં અત્યારે ખેડૂતો બાજરી, મગફળી અને મગનું વાવેતર કર્યા બાદ તેની કાપણી અને લણણી કરવા લાગી ગયા છે ત્યારે સોમવારે વાતાવરણમાં આવેલા પલટાને કારણે ખેડૂતો તૈયાર પાક ઘરે લાવવા માટે રઘવાયા બની ગયા છે. દરમિયાન સોમાવારે હિંમતનગરનું મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રી અને લઘુત્તમ ૩૨ ડીગ્રી રહેવા પામ્યુ હતું. દિવસ દરમિયાન સૂર્યનારાયણના દર્શન પણ થયા ન હતા.

વાદળછાયા વાતાવરણને કારણે આખો દિવસ લોકો બાફ અને ઉકળાટથી કંટાળી ગયા હતા. તેમજ ગરમ પવન ફૂંકાતા બાફ અને ઉકળાટમાં વધારો થયો હતો. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી બે દિવસમાં સાબરકાંઠા જિલ્લામાં હળવો વરસાદ થઈ શકે છે. જો થોડો પણ વરસાદ થાય તો બાજરી, મગફળી અને મગના પાકને નુકશાન થવાની શકયતા ખેડૂતવર્ગ દર્શાવી રહ્યો છે.

## માણસામાં 'આપ' મુખ્યમંત્રી સામે દેખાવો કરશે

ગાંધીનગર, તા.૮

રાજયના મુકયમંત્રી આનંદીબેન પટેલના હ્તે મામસા ખાતે આગામી ૧૦ જૂનના રોજ ભૂગર્ભ ગટર યોજનાનું ઉદઘાટન કરવામાં આવશે ત્યારે આમ આદમી પાર્ટી ગાંધીનગર જિલ્લાના કાર્યકરો વિરોધ પ્રદર્શન કરશે. ભારતમાં ભ્રષ્ટાચાર નામશેષ થવાનું નામ લેતો નથી. રાજયમાં કતલખાના ધમધમી રહ્યા છે. ગૌ હત્યા કુલ્લેઆમ થી રહી છે તયારે ગૌમાસ નીતિ અંગે જનજાગૃતિ ફેલાવવા આગામી ૧૦ જૂને મુકયમંત્રી આનંદીબેનનીસામે માણસામાં મૌન વિરોધ પ્રદ્રસન અનેદેખાવો કરવામાં આવશે.

## વડોદરામાં બ્રહ્મ સમાજનું સંમેલન યોજાયું

વડોદરા, તા.૮

વડોદરા મુકામે ચાણકય સેવા ટ્રસ્ટ અને જિલ્લા બ્રહ્મસમાજ દ્વારા ૪૪મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાયું હતું. જેમાં ૬૦૦ જટલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. ૨૦૦૦ જેટલા બ્રહ્મસમાજ બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. મરોલીથી શ્રી દિનેશચંદ્ર મહારાજશ્રીના આશીર્વાદ સાથે દીપ પ્રાગટય થયેલ હતું. સંમેલનમાં અતિથિ વિશેષ તરીકે એડવોકેટશ્રી મહેશભાઈ મહેતા, બ્રહ્મસમાજના અગ્રણી લોકસત્તાના તંત્રીશ્રી હેમંતભાઈ૮ યાસ મહામંત્રીશ્રી ઈશ્વરભાઈ દવે, જિલ્લા પ્રમુખશ્રી ગિરીરાજભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરના વેડા ગામે દેશની પ્રથમ ઊર્જા કાર્યક્ષમ ભઠ્ઠીનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના વેડા ગામ ખાતે કુંભારીકામ કારીગરો માટે નવસંશોધિત ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠીનું નિર્માણ કરવામાં આવ્યું છે. સમગ્ર ભારત દેશની પ્રથમ ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠીનું આજે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી રમણભાઈ વોરા અને કુટિર ઉદ્યોગ રાજય મંત્રી શ્રી તારાચંદ છેડાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.



સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાએ વતન સાથેના સંસ્મરણો યાદ કરીને જણાવ્યું હતું કે, કોઈ પણ સમાજ પોતાના પૂર્વજોને યાદ રાખતો હોય છે, પ્રજાપતિ કુંભાર સમાજને યાદ કરો એટલે પિપા ભગતને અવશ્ય યાદ કરવા પડે તેવું કહીને કહ્યું હતું કે, કુંભાર પ્રજાપતિ સમાજ નાનો છે. આ સમાજ આજે પણ પરંપરાગત ભઠ્ઠીથી કામ કરી રહ્યો છે. જેનાથી વાતાવરણ પ્રદૂષિત થાય છે અને ખર્ચ તથા મહેનત પણ વધુ પડે છે. હવે, આ જ કામ સરળતાથી ઓછા ખર્ચે અને ઓછી મહેનતથી વધુ સરળતાથી તેઓ કરી શકે અને વાતાવરણમાં પ્રદૂષણની માત્રા ઘટે તે માટે રાજય સરકાર દ્વારા નવસંશોધિત ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ માટે રાજય સરકાર દ્વારા લોન સહાય પણ આપવામાં આવે છે. આ ભઠ્ઠી થકી તેઓ માટલાં, માટીનાં વાસણોની સાથે, ગણપતિની મૂર્તિ, મા દશામાની મૂર્તિ જેવી અનેક ચીજ વસ્તુઓનું ઉત્પાદન સરળતાથી કરી શકશે.

આ પ્રસંગે મંત્રીશ્રીઓના હસ્તે કુંભારી કામ ટુલ કીટૂસનું લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. તથા તેઓએ ઉર્જા કાર્યક્ષમ ભઠ્ઠીનું નિરીક્ષણ પણ કર્યું હતું. કુટિર અને ગ્રામોધોગ સચિવ અને કમિશનર શ્રી સુશ્રી વત્સલા વાસુદેવાએ મહાનુભાવાનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનના નિયામક શ્રી કે.એસ.પ્રજાપતિએ આભારવિધી કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહ, ઉપપ્રમુખ શ્રી જયેશભાઈ ચૌધરી, કચ્છ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી ગિરીશભાઈ છેડા, કલોલ તાલુકા વિકાસ અધિકારી શ્રી રીટાબેન પટેલ, વેડા ગોંવિદપુરા ગામના સરપંચ શ્રી મણિલાલ એમ. પટેલ સહિત અગ્રણીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસથિતરહ્યાં હતાં.



રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી દિલીપ સંઘાણીએ નેશનલ કો-ઓપરેટીવ બેંક ફેડરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન પદે વરણી થયા બાદ અમદાવાદ આવી પહોંચતા ભાજપના કાર્યકરોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. પ્રથમ વખત ગુજરાતના પ્રતિનિધિને રાષ્ટ્રીય કક્ષાએ સહકારી ક્ષેત્રમાં વિશિષ્ઠ પદ પ્રાપ્ત થયું છે.

# પ્રાંતિજ નજીક પાલ્લાના બે યુવકના હત્યારો પોલીસના સકંજામાં

## ડબલ મર્ડર કેસનો આરોપી પોલીસ મોબાઈલ ડેટાકોલ પરથી પકડી પાડ્યો

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પીલુદા પાટીયા પાસે ભીલોડા તાલુકાના પાલ્લાના બે યુવકોની હત્યા કરનાર હત્યારો દસ દિવસ બાદ પોલીસના સકંજામાં આવી જતાં હત્યાનો ભેદ ઉપરથી પરદો ઉઠ્યો છે અને પોલીસે આરોપી પાસેથી ત્રણ કિલો નકલી સોનુ પણ જપ્ત કયુ છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ તા. ૨૮-૫-૨૦૧૫ના રોજ ડબલ મર્ડર કેસમાં પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં મૃતક પંચાલ પ્રવિણભાઈના ફોનની કોલ ડીટેઈન કાઢવામાં આવતા વારે ઘડીએ પીલુદા ગામનો કાળાજી જેહાજી મકવાણાને થયેલ હોવાનું પ્રાથમિક તપાસમાં મળી આવતા પોલીસ દ્વારા કાળાજીની પુછપરછ કરતાં તેને બે ને મોતને ઘાટ ઉતાર્યાની કબુલાત કરી હતી.

ત્યારે સમગ્ર હકીકત એવી છે કે કાળાજી દ્વારા મૃતક પ્રવિણભાઈ પંચાલને ફોન કરીને જણાવ્યું હતું કે મારી પાસે ત્રણ કિલો સોનુ છે અને તે વેચવાનુ છે જ્યારે પંચાલ પ્રવિણભાઈ સોનુ ખરીદવા તે તેમના મિત્ર સાતે ૨૮-૫-૨૦૧૫ને રાત્રે ૮.૩૦ કલાકે ભીલોડા તાલુકાના પાલ્લા ગામેથી પ્રાંતિજ પીલુદા પાટીયા પાસે આવ્યા હતા અને આરોપી કાળાજીએ પહેલાં દિનેશભાઈને લઈ ગયા અને પોગલુ ગામના એક ખેડૂતના ખેતરમાં જઈને કાળાજીએ દિનેશભાઈને કહ્યુ કે સોનું આ કૂવામાં છે અને મને પગે વાગ્યું હોવાથી કુવામાં તમે ઉતરો જ્યારે જેવા દિનેશભાઈ કુવામાં ઉતર્યા કે તરત જ કાળાજી મકવાણાએ રસ્સી (દોરડુ) છોડી દેતા દિનેશભાઈ ૫૦ ફૂટ ઉંડા કુવામાં પડી જતાં ગુંગળાઈને મોત થયું હતું.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

જ્યારે ગાડી પાસે એકલો આવતા પ્રવિણભાઈએ પુછ્યુ કે દિનેશભાઈ ક્યા છે તો તેણે કહ્યું કે સંડાસ ગયા છે અને સોનુ કેનાલ પાસે મુક્યુ છે. લઈ લો જેવુ કેનાલ પાસે પ્રવિણભાઈએ નીચે જોતા પાછળથી માથાના ભાગે કાળાજીએ તેની પાસે લાવેલ ધારીયા વડે માથાના ભાગે હુમલો કરતાં પ્રવિણભાઈ પંચાલનું ઘટનાસ્થળે મોત થયું હતું.

જ્યારે સોનુ ખરીદવા માટે સોદો દસ લાખમાં થયો હતો અને ગાડી પાસે આવી કાળાજીએ ગાડીમાંથી બેગમાં તપાસ કરતાં સોનુ ખરીદવા આવેલ પ્રવિણભાઈ પંચાલ બેગમાં છાપાના કાગળ નિકળ્યા હતા. આમ બે બે ખુન કર્યા પછી કાળાજીના હાથમાં કાંઈ નહી આવતા તે ગભરાઈને ઘરે જતો રહ્યો હતો. પણ પ્રાંતિજ પોલીસ દ્વારા મોબાઈલ ડેટા કોલ્સ રેકોર્ડીંગ દ્વારા કાળુસિંહની પુછપરછ કરતાં તેને પોલીસ સમક્ષ બે બે ખૂન કર્યાની કબુલાત કરી હતી.

ત્યારે પોલીસે તેની પાસેથી નકલી ૩ કિલો જેટલુ સોનુ (લોખંડ)ના પાટા ઉપર ગોલ્ડન કરેલ ટુકડા આરોપીના ખેતરની રૂમના (ઓરડી) પાસેથી ખોદકામ કરી બહાર કાઢવામાં આવ્યું હતું. અને તેનો કબજો મેળવી પ્રાંતિજ પોલીસ દ્વારા તેની વધુ પુછપરછ કરવા માટે કોર્ટ દ્વારા રીમાન્ડની માંગણી કરવામાં આવી છે.

# એકિસસ બેન્કમાં મોબાઈલ એપ મારફતે લોકરનું બુકિંગ કરી શકાશે

ભારતની તૃતીય સૌથી વિશાળ ખાનગી ક્ષેત્રની બેન્ક એકિસસ બેન્કે આજે ગ્રાહકોને તેમના સ્માર્ટ ફોનનો ઉપયોગ કરીને ઓનલાઈન લોકરો બુક કરવાની સુવિધા આપવા માટે અનોખી ડિજીટલ પહેલની જાહેરાત કરી છે. ગ્રાહકો બેન્કના મોબાઈલ એપ્લિકેશનમાં લોગ ઈન કરીને અને તેમની અગ્રતાની શાખામાં લોકરના વિકલ્પો હવે સિલેકટ કરી શકશે અને મેન્યુઅલી અથવા જિયો-સિલેકસન વિકલ્પ મારફત સેવા ઉપલબ્ધ કરવા માટે શાખાની પસંદગી કરી શકશે.

લોકરની પસંદગી પછી ગ્રાહકોને પેજ બુકિંગ કરવા માટે નિર્દેશિત કરાશે. જે લોકરના વાર્ષિક ભાડાની ચુકવણી કરવા માટે સેવિંગ્સ એકાઉન્ટ સાથે એકીકૃત છે. આ થકી ઉપજનારી બુકિંગ આઈડી ૭ દિવસ માટે લાગુ રહેશે. ગ્રાહકે લોકરનો દાવો કરવા માટે તે પછી ૭ દિવસમાં શાખામાં જવું પડશે.જો અગ્રતાની શાખામાં લોકર ન મળે તો ગ્રાહકને વેઈટલીસ્ટ મોડયુલમાં જવા માટે નિર્દેશિત કરાશે જયાં તે કે તેણીને વેઈટલસ્ટ નંબર અપાશે. એકંદર પ્રક્રિયા અસલ સમયના ધોરણે અપડેટ કરાશે.

## પ્રવેશોત્સવ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૫ ટકા કરતાં વધુ ડ્રોપ આઉટ હોય અને માધ્યમિક શાળામાં ૧૫ ટકા કરતાં વધુ ડ્રોફ આઉટ હોય તેમજ શાળાઓ ગુણોત્સવમાં સતત સી અને ડી કેટેગરીમાં આવતી હોય. જિલ્લામાં આવી ૩૦ જેટલી શાળાઓ આવેલી છે. આ બધી જ શાળાઓ કલોલ તાલુકાની હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ વખતે પ્રવેશોત્સવ દરમ્યાન બાળક કે અધિકારી પદાધિકારીને તિલક, ટોપી કે ધારણ કરાવવામાં આવશે નહિ. પ્રવેશપાત્ર બાળકને બેઝ બનાવી લગાવવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે પ્રવેશોત્સવમાં આ વખતે ધો. ૯માં પણ બાળકોને પ્રવેશ કરાવવાના કાર્યક્રમને સાંકળી લેવામાં આવશે. બાળકો દ્વારા જ પ્રવેશોત્સવ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવશે.

જિલ્લામાં પ્રવેશોત્સવ દરમ્યાન ૨૦૨ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. જિલ્લામાં પ્રવેશોત્સવ દરમ્યાન રજુ કરવામાં આવનાર ગૌરવગાનની પ્રસ્તુતિ બાળકો દ્વારા અભિનય અને સંગીત સાથે કરવાનું રહેશે.

આ ઉપરાંત યોગ પરિચય દર્શન માટે બાળકોનું અલગ સ્ટેજ બનાવવાનું રહેશે અને ૧૫ કરતાં વધુ બાળકો આ સ્ટેજ પરના હોય તેનું ધ્યાન રાખવાનું રહેશે.

પ્રવેશોત્સવના આ કાર્યક્રમ દરમ્યાન નવા વર્ગખંડો તેમજ નવા શાળા સંકુલોનું લોકાર્પણના કાર્યક્રમો પણ યોજવાના રહેશે. પ્રવેશોત્સવના આ કાર્યક્રમ દરમ્યાન વૃક્ષારોપણમાં સરગવો તેમજ ફળના વૃક્ષોનું વાવેતર થાય તેનુ પણ ધ્યાન રાખવાનું રહેશે.

જિલ્લામાં પ્રવેશપાત્ર બાળકોની સંખ્યા ૧૨,૭૦૦થી વધુ જણાઈ છે. રાજ્ય સરકારે આ પ્રવેશોત્સવમાં ૧૦૦ ટકા નામાંકન માટેનું લક્ષ્યાંક રાખ્યું છે. આ ઉપરાંત ધો. ૫ થી ૮માં અભ્યાસ છોડી જનાર બાળકના પુનઃ પ્રવેશ માટે શિક્ષકોને સક્રિય ભૂમિકા અદા કરવા જણાવાયું છે.

પ્રવેશોત્સવની તૈયારીઓમાં તે અગાઉ તંત્ર દ્વારા સ્વચ્છતા અભિયાન શાળાઓમાં યોજવા સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માટે પણ જણાવાયું છે.

## શબ્દાવલી - ૫૭૫૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | |
| | ■ | | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | ૧૨ | ■ | ૧૩ | | ■ | ૧૪ | |
| ■ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | | ■ | ■ |
| ૧૮ | | | ■ | ■ | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | | | ■ | ૨૨ | ૨૩ | | |
| | ■ | ૨૪ | | | | | ■ |

### આડી ચાવી

૧. લાપરવા, પરવા ના હોય તેવા (૪)
૫. જય, સફળતા (૩)
૮. મસ્તીમાં મસ્ત (૪)
૯. કાગળ (૩)
૧૦. સ્તર, પડ (૨)
૧૧. મક્કાની યાત્રા (૨)
૧૩. ગુપ્ત, છાના (૨)
૧૪. જીવ, બારાત (૨)
૧૫. નશીબ, ભાગ્ય (૨)
૧૭. ટકલું, મુંડન કરાવેલ (૨)
૧૮. કાસજોડા કે કરતાલ જેવું વાદ્ય (૩)
૧૯. સબકા માલિક... હૈ, ૧ની સંખ્યા (૨)
૨૧. મદિરા ઢોળાઇ ગઇ હૈ, શબ્દ આડો અવળો (૩)
૨૨. ઝાટકી કાઢવું, વઢવું (૪)
૨૪. તમાલનું પાંદડું (૫)

### ઊભી ચાવી

૧. નિર્દોષ, ગુનેગાર ન હોય તેવું (૪)
૨. પળ (૨)
૩. એક કંદ (૩)
૪. રંગ, કલર (૨)
૫. વિકૃતિ, કામ-ક્રોધ-લોભ વગેરે (૩)
૬. પાણી જેનાથી પીરસાય તે પાત્ર (૨)
૭. યજ્ઞ કરનાર, આશ્રય આપનાર (૪)
૧૦. ઝાપટ (૩)
૧૨. એક શરબત (૪)
૧૬. જાદુ, કળા (૪)
૧૮. હિન્દુનું ધર્મસ્થાન (૩)
૧૯. એકઠા થવું (૩)
૨૦. નાનું કણ, કરચ (૨)
૨૨. પકડ (૨)
૨૩. ટપકવાનો અવાજ (૨)

### શબ્દાવલી ૫૭૫૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઉદધિ (૩) અપરાધ (૭) દમ (૮) અનરાધાર (૯) ધાક (૧૦) કાબર (૧૧) લીન (૧૩) નશ્વર (૧૬) અંજામ (૧૭) સુરાલય (૧૯) બરફ (૨૦) શોરગુલ (૨૩) ફીદા (૨૪) ફાટ

**ઊભી ચાવી :-** (૧) ઉદ્‌ઘાટન (૨) દમક (૩) અનબન (૪) પરાર (૫) રાધા (૬) ધરતી (૮) અકાલી (૧૨) પ્રજા (૧૪) શ્વસુર (૧૫) રરાફ (૧૮) યશોદા (૧૯) બચી (૨૧) ગુફા (૨૨) લટ

## નગરમાં હોનારત...

● ત્રીજા પાનાનું ચાલુ

ઈમ્પેકટ ફી ભરી મકાનોને મોટા કરવાનું કાર્ય અત્યારે કમર સુધી છે પરંતુ જો કમરથી ઉપર નીકળી મોંઢા સુધી આવી જશે ત્યારે સરકાર કાંઈ જ કરી શકશે નહિ તેથી ઝડપભેર નિર્ણય કરવા રજુઆત કરવામાં આવી છે.

એક સમય માટે જંગલમાં ગાંધીનગર હતુ પરંતુ આજે જંગલમાં મંગલ છે. શહેરનો વિકાસ આજે આસમાનને આંબી રહ્યો છે જમીનો કરોડો રૂપિયામાં આળોટી રહી છે. હમણાં જ ઈ-પ્લોટોની હરાજીમાં ૨૦-૨૫ કરોડ રૂપિયા કિંમત લગાવાઈ છે. અને તેના કારણે જ લોકો નાના મકાનોને મોટા કરી રહ્યા છે. પરંતુ ઈમ્પેકટ ફીના કાયદાથી પાડાના વાંકે પખાલીને ડામ પડી રહ્યા છે તેમ જાગૃત નાગરિકોએ જણાવ્યું છે.

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.